
# અક્રમ યુથ

ફેબ્રુઆરી ૨૦૨૧ ગુજરાતી
દાદા ભગવાન પરિવાર
₹ 20



## જૂઠની ભુલ-ભુલામણી

# અનુક્રમણીકા


04 એવું કોઈ છે જે જૂઠું ન બોલતું હોય ?

07 પડદો ઉપડી રહ્યો છે

12 જૂઠું બોલવાના પરિણામો

13 જ્ઞાની વીથ યુથ

14 ૪ સ્ટેપ્સ કેવી રીતે ગોઠવવાના ?

15 પઝલ દ્વારા પ્રતિક્રમણ

16 Q and A

18 યુથ એક્સપીરીયન્સ

20 મહાન પુરુષોની ઝાંખીઓ

23 #કવિતા



વર્ષ: ૮, અંક : ૧૦
સળંગ અંક : ૯૪
ફેબ્રુઆરી ૨૦૨૧



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી - ડિમ્પલ મહેતા**

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Owned by :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

**Published at :** Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gndhinagar

Printed at : Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.
Total 24 Pages with Cover page

**Subscription**
Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn
in favour of "Mahavideh Foundation"
payable at Ahmedabad.



© 2021, Dada Bhagwan Foundation.
All Rights Reserved



# સંપાદકીય


વ્હાલા વાચક મિત્રો,

આ અંકનું મુખપૃષ્ઠ જોઈને તમને ખ્યાલ તો આવી જ ગયો હશે કે આ મહિને આપણો ચર્ચાનો વિષય શું છે ? હા, દોસ્તો. જૂઠું બોલવું એ એક એવી ખોટી ક્રિયા છે જે આપણામાંના ઘણા ખરા લોકો વત્તા-ઓછા પ્રમાણમાં, જાણી જોઈને અથવા તો અજાણતામાં જ પણ નિયમિત રીતે કરતા જ હોઈશું. એક સર્વેક્ષણ મુજબ જૂઠું બોલવું એક એવો દુર્ગુણ છે જેમાં મોટાભાગના લોકો ખૂબ કુશળ હોય છે અને કારણ વગર મિત્રો, પરિવારજનો કે સહકાર્યકરો સાથે સહેલાઈથી જૂઠું બોલી નાખતા હોય છે. નાની-નાની બાબતમાં ખોટું બોલવાની શરૂઆત થયા બાદ તે ક્યારે ખોટું બોલવાની કુટેવમાં પરિણમે છે તેની ખબર જ પડતી નથી. અને પછી જૂઠની ભુલ-ભુલામણીમાંથી બહાર નીકળવું અતિશય મુશ્કેલ બની જાય છે. કહે છે ને, એક જૂઠ છુપાવવા માટે સો જૂઠની જરૂર પડે છે. જે એક વાર આ માયાજાળમાં ફસાય છે એ વધુને વધુ અંદર ગૂંચવાયા કરે છે.

પણ મિત્રો, જો તમે આ ભુલ-ભુલામણીમાં ફસાયા હોવ તો તમારે ગૂંચવાવાની જરૂર નથી, આ અંકનું વાંચન પૂરુ કરતા જ તમને આ ભુલ-ભુલામણીમાંથી બહાર નીકળી જવાનો સરળ અને સહેલો માર્ગ મળી જશે એવી મને ખાત્રી છે.

- ડિમ્પલ મહેતા

# એવું કોઈ છે જે જૂઠું ન બોલતું હોય ?



**લગભગ દરેક મનુષ્ય પોતાના જીવનમાં ક્યારેક ને ક્યારેક જૂઠું બોલતા જ હોય છે, પણ ઘણા લોકો આ સત્યનો સ્વીકાર નથી કરી શકતા જેમ કે, આ વાર્તાના રાજા...**

''વિજયનગરના મહારાજાની જય !

આ વાર્તા વિજયનગરના રાજા શ્રી કૃષ્ણદેવરાયની છે, જેઓ કળા અને સાહિત્યને હંમેશા પ્રોત્સાહન આપતા. તેઓ ઉદાર હોવાની સાથે-સાથે હંમેશા પોતાની પ્રજા અને દરબારીઓ પ્રત્યે કરુણા અને આદર રાખતા. તેમના રાજ્યમાં ઘણા કુશળ દરબારીઓ હતા, તેમાંના સૌથી હોશિયાર અને બુદ્ધિશાળી હતા તેનાલી રામા, જેઓ રાજદરબારમાં સલાહકાર હોવાની સાથે તેમના ન્યાય અને માનવતા માટે જાણીતા હતા.

એક દિવસ રાજા પોતાના દરબારમાં ઊંડા વિચારમાં ખોવાયેલા હતા.

જીજ્ઞાસાવશ તેમણે પૂછ્યું, ''જૂઠ (અસત્ય) શું છે ?

તેનાલી રામાએ જવાબ આપ્યો, ''જૂઠ (અસત્ય) એટલે સામાન્ય રીતે કોઈ હકીકત છુપાવવા કે સાચી વાતને તોડવા માટે કરવામાં આવતી ખોટી વાત. જૂઠું પોતાના અંગત લાભ માટે કે બીજા પાસે પોતાની ખોટી વાત મનાવવા માટે બોલવામાં આવતું હોય છે.''

રામાએ આગળ કહ્યું, ''જૂઠ એટલે ફક્ત સાચી વાત છુપાવવી નહિ, પણ જ્યારે સાચું બોલવાની જરૂર હોય ત્યારે મૌન રહેવું, એ પણ જૂઠ જ છે. કોઈને છેતરવા બોલેલું વાક્ય પણ જૂઠ જ ગણાય.''

તેનાલી રામા બોલ્યા, ''હા મહારાજ, જૂઠ બે પ્રકારના હોય છે. એક જે જાણી જોઈને પોતાના લાભ માટે બોલાય છે, અને બીજું જે બીજાને નુકસાન કરતું નથી, પણ બીજાને દુ:ખ ન થાય તે હેતુથી બોલાય છે.

''ઓહો....એમ ! પણ હું, મારી પ્રજા કે મારા દરબારીઓ તો કોઈ પણ સંજોગોમાં ક્યારેય જૂઠું ન બોલીએ.'' રાજાએ ગર્વથી કહ્યું.

રામાએ જવાબ આપ્યો, ''હું આપની સાથે સહમત નથી. માફ કરજો મહારાજ, પણ એવા સંજોગો આવે તો આપ પણ જૂઠું બોલો.''

રાજાએ ગુસ્સે થઈને કહ્યું, ''હું તારી વાત માનવા તૈયાર નથી રામા, તને તારી વાત ઉપર ભરોસો હોય તો તું એને સાબિત કરી આપ. હું જોઉં છું, તું કેવી રીતે મારી પાસે જૂઠું બોલાવી શકે છે.''

તેનાલી રામાએ આ પડકાર ઝીલી લીધો અને પોતાની વાત સાબિત કરવા રાજા પાસે થોડો સમય લઇ લીધો.

સમય પસાર થયો તેમ રાજા અને દરબારીઓ આ આખી વાતને ભૂલી ગયા. એ જ વખતે સહુને એવી વાત સાંભળવા મળી કે નગરમાં એક સંત આવ્યા છે, જે લોકોને દિવ્ય પ્રકાશના દર્શન કરાવે છે.

''હે મારા ભક્તો ! આ ઓરડામાં તમને એક અરીસો દેખાશે. તેની સામે ઊભા રહીને તમે અલૌકિક પ્રકાશના દર્શન કરી શકશો.'' સંતે એક ઓરડા તરફ આંગળી ચીંધીને કહ્યું.

''પણ યાદ રાખજો, જે આખી જિંદગીમાં જૂઠું નથી બોલ્યું, તે જ એ અરીસામાં દિવ્ય પ્રકાશના દર્શન કરી શકશે.''

આ સાંભળી કેટલાક લોકો ડરીને ત્યાંથી ચાલ્યા ગયા, અને કેટલાક લોકો એક પછી એક ઓરડામાં જવા લાગ્યા.

રાજા પાસે આ સમાચાર પહોંચતા જ રાજા પણ પોતાની રાણી અને દરબારીઓ સાથે પહોંચી ગયા.



પહેલો દરબારી ઓરડામાં ગયો અને અરીસાની સામે ઊભો રહ્યો. ત્યાં તેને પોતાના પ્રતિબિંબ સિવાય બીજું કંઈ ન દેખાયું અને તેણે બહાર આવીને સાચું બોલવાનું વિચાર્યુ, પણ ત્યાં જ સંતના શબ્દો યાદ આવ્યા ''જે આખી જિંદગીમાં જૂઠું નથી બોલ્યું તે જ, એ અરીસામાં દિવ્ય પ્રકાશના દર્શન કરી શકશે.''

એ બહાર આવ્યો અને પોતાનું સારું દેખાડવા માટે જૂઠું બોલ્યો કે ''મેં અદ્દભુત પ્રકાશના દર્શન કર્યા. એ સૂર્ય જેવું પ્રકાશમાન વિશાળ કિરણ હતું.''

એક પછી એક બધા જ દરબારીઓ ઓરડામાં ગયા અને પોતાનું સારું દેખાય તે માટે સહુ જૂઠું બોલ્યા.

પછી રાણી એ ઓરડામાં ગઈ, તેણે પણ અરીસામાં પોતાનું પ્રતિબિંબ જ જોયું. તે પણ જૂઠું બોલી, ''વાહ ! દિવ્ય પ્રકાશ ખૂબ સુંદર અને તેજસ્વી હતો.''

**છેલ્લે, રાજા ઓરડામાં ગયા. પણ તેમને અરીસામાં કોઈ પ્રકાશ જ ન દેખાયો ! એ જોઈને રાજાને ઝાટકો લાગ્યો. નિરાશ થઈને રાજા બહાર આવ્યા.**

''તમે અદ્‌ભુત પ્રકાશ જોયો ?'' રામાએ રાજાને પૂછ્યું.

''હા, મેં દિવ્ય પ્રકાશના દર્શન કર્યા.'' રાજા પણ જૂઠું બોલ્યા.

''એ કેવી રીતે શક્ય બને ? એ ઓરડામાં એક સાદો અરીસો જ મુકેલો હતો. મને ખબર છે તમારામાંથી કોઈએ એ પ્રકાશના દર્શન નથી કર્યા.'' તેનાલી રામા બોલ્યા.


આ સાંભળીને રાજા, રાણી, પ્રજા અને દરબારીઓ અંદર-અંદર ગુસપુસ કરવા માંડ્યા. તે આગળ બોલ્યા, ''આ આખી મારી જ યોજના હતી એ સાબિત કરવા કે સંજોગોવશાત સૌ કોઈ જૂઠું બોલે છે.''

'' ઓહો, એમ ! જૂઠું બોલવા બદલ હું માફી માંગું છું, રામા. મારી ભૂલ મને સમજાઈ ગઈ.'' રાજાએ માફી માંગતા કહ્યું.

'' હા મહારાજ, અસત્ય એટલે કે જૂઠ જુદી-જુદી રીતે બોલાતું હોય છે, જેમ કે વાત ફેરવી લેવી કે મૌન રહેવું એ પણ જૂઠ જ છે. મોટાભાગના કિસ્સાઓમાં એ નુકસાનકારક હોય છે અને જેમ જેમ તમે જૂઠું બોલતા જાવ તેમ તેમ તમને વધારે જૂઠું બોલવાનું વ્યસન થઇ જતું હોય છે.'' રામાએ વિગતવાર કહ્યું.

આ ઘટના પછી રાજાએ માની લીધું કે ''માનવજાતનું એ પાયાનું સત્ય છે કે સહુ જૂઠું બોલે છે.''

આમ, તેનાલી રામાએ પોતાની ચતુરાઈથી સાબિત કર્યું કે સહુએ પોતાના જીવનમાં આજે નહિ તો કાલે, ક્યારેક તો જૂઠું બોલ્યા જ છે.



## શું આપણે પણ ક્યારેય જૂઠું બોલ્યા છીએ ?



# પડદો ઉપડી રહ્યો છે

અનુજ પથારીમાં પડ્યો પડ્યો વિચારી રહ્યો હતો.

**અનુજ**: મારો પ્રોબ્લેમ આટલો બધો મોટો કેવી રીતે થઇ ગયો ? મેં ક્યારેય વિચાર્યું ન હતું કે આનાથી મને આટલી બધી ખોટ જશે. દુનિયામાં બધું જ મેળવવાની દોડધામમાં હું એટલો ખૂંપી ગયો કે મહત્ત્વની વસ્તુઓ પણ ખોઈ કાઢી. મેં બધું બરબાદ કરી નાખ્યું !

આ ચિંતાઓમાં અટવાયેલા અનુજની આંખ મીંચાઈ જાય છે અને એક નવી જ દુનિયામાં ગરકી જાય છે.

વાહ ! આ કેટલી સુંદર અને શાંત જગ્યા છે. અહીંના લોકો પણ ખુશ અને ચિંતામુક્ત લાગે છે.

**અનુજ:** હેલો સર ! આ કઈ જગ્યા છે, આ બધાની ખુશીનું કારણ શું છે ?

**એક ભાઈ**: હેલો અનુજ ! આ આનંદનગરી છે. અહીંના લોકો ત્રણ જ ભાષા જાણે છે - પ્રેમ, પ્રમાણિકતા અને વિશ્વાસની. અહીંના રાજા સત્યવર્ધન એમના નામ પ્રમાણે સત્યના પ્રતિક સમાન છે. એમનું માનવું છે કે લોકોનો સાચું બોલવા પ્રત્યેનો વિશ્વાસ એ એમના સુખની ચાવી છે.

અનુજ રાજાના દરબારમાં પ્રવેશ કરતાં વિચારી રહ્યો છે કે આ ભાઈ મને કેવી રીતે ઓળખે છે ?

**રાજાઃ** વેલકમ અનુજ ! હું તારી જ રાહ જોતો હતો. (અનુજ હજુ સમજવાની કોશિશ કરી રહ્યો હતો) તે મારું રાજ્ય જોયું ?

**અનુજઃ** હા. બહુ સરસ છે પણ મેં હજુ બધું જોયું નથી. તમે મને કેવી રીતે ઓળખો છો ?

**રાજાઃ** હું તારા વિષે બધું જાણું છું !

**અનુજઃ** (વિચારી રહ્યો છે) આ રાજા મારા વિષે બધું જાણે છે, એ કેવી રીતે બને ? મને લાગે છે કે એ જૂઠું બોલે છે.

**રાજાઃ** તું જીવનમાં કાયમ સાચું જ બોલ્યો છે ?

અનુજ મનમાં વિચારે છે કે લાવ, હું રાજાને ચકાસી જોઉં.

**અનુજઃ** મને નાનપણથી શીખવાડવામાં આવ્યું હતું કે જૂઠું ન બોલવું.

**રાજાઃ** અચ્છા, તો જ્યારે તું સાત વર્ષનો હતો અને પહેલી વાર તું તારી મમ્મી સામે જૂઠું બોલ્યો હતો એનું શું? યાદ નથી આવતું? ચાલ, હું તને ભૂતકાળમાં પાછો લઇ જાઉં.



## પહેલો બનાવ

**અનુજની મમ્મીઃ** અનુજ, તેં કશું ફૂટવાનો અવાજ સાંભળ્યો ?

**અનુજઃ** હમ... મ... મને નથી ખબર.

**પાછા રાજદરબારમાં...**

**રાજાઃ** આજ સુધી કોઈનેય ખબર નથી એ કિંમતી વાઝ કોણે તોડ્યો હતો.

**અનુજઃ** હું એટલો બધો ડરી ગયો હતો કે વાઝ તોડવા માટે મમ્મી મને મારશે કે લડશે. એટલે મેં કોઈને કંઈ કહ્યું નહિ.

**રાજાઃ** તો તને એ તો યાદ હશે કે જ્યારે તું બાર વર્ષનો હતો, ત્યારે તને એક નામ વગરની વર્કશીટ મળી હતી ?



## બીજો બનાવ

**ટીચરઃ** બધા પોતાની વર્કશીટ સબમિટ કરો.

**અનુજઃ** (વિચારી રહ્યો છે) હે ભગવાન ! હું તો વર્કશીટ ઘરે ભૂલી ગયો છું.

એ જ વખતે અનુજની નજર એક વર્કશીટ પર પડે છે, જેની પર કોઈનું નામ લખેલું ન હતું.

**અનુજઃ** (વિચારી રહ્યો છે) આ વર્કશીટ આખી ભરેલી છે. કોની હશે ? નામ પણ નથી લખ્યું. હું એની પર મારું નામ લખી દઉં ? ટીચરના ગુસ્સાથી અને પનીશમેન્ટથી બચી જઈશ અને માર્ક્સ પણ મળશે.

અનુજ વર્કશીટ પર પોતાનું નામ લખીને વર્કશીટ સબમિટ કરે છે.

### પાછા રાજદરબારમાં...

**રાજા:** તને યાદ છે તારા હાઈસ્કૂલના દિવસો ? જ્યાં તું પોપ્યુલર થવા માટે પોતાને બહુ અમીર કહીને બધાંને ઉલ્લુ બનાવતો હતો ?

## ત્રીજો બનાવ

**અનુજ:** તને ખબર છે મેં નવું પ્લેસ્ટેશન ૪ લીધું. એકદમ લેટેસ્ટ છે.

**અનુજનો મિત્ર:** સુપર્બ યાર, તેં ક્યાંથી ખરીદ્યું ?

**અનુજ:** એક્ચ્યુલી, મારા કાકા ફોરેનથી મારી માટે આ ગીફ્ટ લાવ્યા છે.

**અનુજનો મિત્ર:** હું આજે તારા ઘરે પ્લેસ્ટેશન ૪ પર રમવા આવું ?

**અનુજ:** ના, આજે મારા ઘરે મહેમાન આવવાના છે. ફરી કોઈ વાર.

**અનુજ:** (વિચારી...) હાશ ભગવાન ! મેં એને ટાળી દીધો, નહીંતર એ બધું જાણી જાત.



### પાછાં રાજદરબારમાં...

**રાજા:** તો ખરેખર તારી પાસે લેટેસ્ટ ગેજેટ્સ જેવા કે પ્લે સ્ટેશન ૪, સ્માર્ટ વોચ વગેરે હતાં અને તું વેકેશનમાં ફરવા ફોરેન ગયો હતો અને તું બ્રાન્ડેડ કપડાં પહેરેતો હતો ?

**અનુજ:** ના, પણ ફ્રેન્ડ્સમાં પોપ્યુલર થવા માટે સૌથી અલગ અને સ્માર્ટ દેખાવું પડે ને ! પણ સ્માર્ટ દેખાવા માટે જે ખર્ચ થાય એ મને પોષાય એમ ન હતો. એટલે....

**રાજા:** તું ઈન્સ્ટાગ્રામ પર છે ?

**અનુજ:** હાસ્તો વળી ! ઈન્સ્ટાગ્રામ પર કોણ ન હોય ? અને ૧૭ વર્ષની ઉંમરે હું ૨૦૦૦ ફોલોઅર્સ સુધી પહોંચી ગયો હતો.

**રાજા:** અરે વાહ ! મેં હમણાં જ તારા દુબઈના વેકેશનનો ફોટો જોયો. એટલે તે ''રીડીમર સ્ટેચ્યુ'' દુબઈમાં જોયું હશે, નહીં ?

**અનુજ:** હા, ઓફ કોર્સ ! શું અદભૂત સ્ટેચ્યુ હતું !

**રાજા:** બાય ધ વે અનુજ, આ સ્ટેચ્યુ દુબઈમાં નહીં, બ્રાઝિલમાં છે. જો મેં તને પકડી પાડ્યો ને ?

**અનુજ:** પણ મને બહુ મન હતું કે સોશિયલ






*હવે એમ કહે,*
*આટલા વર્ષો પછી તું*
*હજુ પણ એટલો જ*
*પોપ્યુલર છે ?*

મીડિયા ઉપર વધારે લોકો મને ફોલો કરે. એટલે હું મારી એડીટીંગ સ્કીલ વાપરીને અલગ-અલગ જગ્યાના ફોટોઝમાં મારો ફોટો મૂકીને પોસ્ટ કરતો.

**રાજા:** તું જીમમાં ૧૦ મિનીટ માટે જતો અને એવા પિક્ચર પોસ્ટ કરતો કે બધાને એવું લાગે કે તું 'ફિટનેસ ફ્રિક' છે. આનાથી તને પોપ્યુલારીટી મળી. બોલ, સાચું કહું છું ને ?

**અનુજ:** તમે ખરેખર મારા વિષે બધું જાણો છો .

**રાજા:** હવે એમ કહે, આટલા વર્ષો પછી તું હજુ પણ એટલો જ પોપ્યુલર છે ?

**અનુજ:** હા, મને હજુ પણ લોકો પસંદ કરે છે. તમને સાચું કહું તો હવે મારી એક ગર્લફ્રેન્ડ પણ છે ! અને એને મારી લાઈફ સ્ટાઈલ બહુ ગમે છે.

**રાજા:** સરસ ! પણ એવી લાઈફ સ્ટાઈલ તું કેવી રીતે જાળવી શકે છે ?

અનુજ એકદમ ચૂપ થઈ જાય છે.

**રાજા:** તું મને છૂટથી બધી વાત કરી શકે છે. હું તને જજ નહિ કરું.

**અનુજ:** (એક ઊંડો શ્વાસ લઈને) હું જેવી લાઈફ સ્ટાઈલ જીવવાના સપના જોઉં છું, એવી લાઈફ સ્ટાઈલ મારા કુટુંબને પરવડે એમ નથી. એટલે મારી ઈમેજ જાળવી રાખવા, મેં મારા ફ્રેન્ડ્સ પાસે પૈસા ઉધાર લેવાના ચાલુ કર્યા. હું એમની સામે જૂઠું બોલતો કે 'હું વોલેટ ઘરે ભૂલી ગયો છું, કે મારું વોલેટ ચોરાઈ ગયું છે.' એ બધાં

મને પાછાં આપવાની શરતે પૈસા ઉધાર આપતાં. પણ એ બધાં પૈસા મેં વેડફી નાખ્યા અને એમને પાછાં આપવા માટે મારી પાસે પૈસા હતા જ નહિ. એટલે મેં એ બધાંને અવોઈડ કરવાનું ચાલુ કર્યું. જ્યારે પણ એ ફ્રેન્ડ્સ રસ્તામાં મળી જતા, ત્યારે હું બહુ બીઝી છું એવું બતાવતો અને જો પૈસા સુધી વાત પહોંચે તો હું વિશ્વાસ આપતો કે તેમને જલ્દી પૈસા આપી દઈશ. એમને જલ્દી પૈસા પાછાં આપી શકું એવા કોઈ રસ્તા શોધવા મારા માટે જરૂરી હતા.

કૉલેજમાં એક એવું ગ્રુપ હતું કે જેમની પાસે જલ્દી પૈસા કમાવાની રીતો હતી. મને થયું એ લોકો મને મદદ કરી શકશે, એટલે હું એમની પાસે ગયો. એમણે મને જુગાર રમવાનો રસ્તો બતાવ્યો. મને થયું કે હવે આ જ રસ્તે હું ઉધારમાંથી બહાર નીકળી શકીશ. એટલે હું પણ જોડાઈ ગયો. પણ એમના ગ્રુપમાં ટકી રહેવા જુગાર સિવાય પણ મારે બીજું ઘણું બધું કરવું પડતું એટલે મેં નોન-વેજ ખાવાનું, લેટનાઈટ પાર્ટીઝમાં જવાનું પણ શરૂ કરી દીધું. ઘરે પહોંચતાં મોડું થતું એટલે મમ્મી સામે પણ જૂઠું બોલવા લાગ્યો કે હું કૉલેજના ફેસ્ટીવલના કામમાં બીઝી છું કે લાઈબ્રેરીમાં વાંચું છું.

અંતે એમાંના એકે મને જુગાર રમવા પૈસા ઉધાર આપ્યા. એમાંથી હું એક-બે વાર જીત્યો એટલે મને આશા બંધાઈ કે જુગાર રમીને હું ઉધાર ચૂકવી શકીશ અને વધારે પૈસા મેળવી શકીશ. પણ પછી હું હારવા મંડયો અને વધારે ઉધારીમાં ખૂંપી ગયો. હવે મને ખબર નથી પડતી કે મારે શું કરવું જોઈએ ? હું અહિંયા પહોંચ્યો કેવી રીતે ? મેં ક્યારેય વિચાર્યું ન હતું કે મને આનાથી આટલું નુકસાન થશે. મેં બધું બરબાદ કરી નાખ્યું !



અનુજની વાત સાંભળી રાજા એને મહેલના એક એવા ભવનમાં લઇ ગયા, જેની દિવાલો અરીસાની બનેલી હતી. અનુજ અંદર પ્રવેશ્યો ત્યારે એને અમુક વાક્યો દેખાયા, જે થોડો સમય દેખાતા અને પછી ગાયબ થઇ જતા. એણે ધ્યાનથી આ બધાં વાક્યો વાંચ્યા.

## જૂઠું બોલવાના પરિણામો

૧. તમે મિત્રો ગુમાવી દો, જેથી એકલા પડી જાઓ અને બેચેન થઇ જાઓ.

૨. લોકોનો આપણા પરથી વિશ્વાસ ઉઠી જાય.

૩. લોકો તમારા સારા ગુણો જોતાં ખચકાય.

૪. એક જૂઠને ઢાંકવા માટે અનેક જૂઠ બોલવા પડે.

૫. ધીમે-ધીમે જૂઠું બોલવું ખોટું છે એવું પણ ના લાગે.

૬. માનસિક અને શારીરિક અસર થાય.

**અનુજ (મૂંઝાઈને):** હે ભગવાન ! મને મદદ કરો. મારે આમાંથી બહાર નીકળવું છે.

**રાજા:** તને તારી ભૂલ સમજાઈ ને ? અને હા, આમાંથી નીકળવાનો રસ્તો છે.

**અનુજ:** ખરેખર રસ્તો છે ?

**રાજા:** હા, ચાલ હું તને સફળતાના ત્રણ રસ્તા બતાવું. કોઈ પણ તું પસંદ કરીશ, એ તને તારી ભૂલ સુધારવામાં મદદ કરશે અને તને રાહત આપશે. તો પહેલો રસ્તો છે, **મેજિકલ માઈલસ્ટોન્સ**. એ રસ્તા પર તારે ૪ સરળ સ્ટેપ્સ ફૉલો કરવાના છે. જોઈએ અને સમજીએ.






**પ્રશ્નકર્તા :** એવું સમજાય છે કે હું ભય, ઈમ્પ્રેશન પાડવા અને પૈસા માટે જૂઠું બોલું છું. ફ્રેન્ડ્સ સામે ખોટું બોલું છું કારણ કે ઈમ્પ્રેશન પાડવી હોય છે અને એનાથી મમ્મી-પપ્પા પાસે ખોટું બોલાઈ જાય છે. તો ૪ સ્ટેપ્સ કેવી રીતે ગોઠવવાના ? એ વિસ્તારમાં સમજવું છે.

**પૂજ્યશ્રી :** એ.. તો આપણે નક્કી કરવાનું કે ભાઈ, આ જૂઠું બોલીને આપણે કામ પતાવ્યા હોય, એમાં બરકત ન આવે પછી. ઈમ્પ્રેશન ટકે નહિ, એક દહાડે પછી સાચી વાત બહાર પડે ને, તો ઉડી જાય આખી ઈમ્પ્રેશન. જૂઠું બોલવાનો; એ સાચો રસ્તો નથી, જેવા છે તેવા ખુલ્લી વાતો કરો, સરળતા રાખો. અને ઉલ્ટાનું સરળની ઈમ્પ્રેશન બહુ પડે, ખબર છે !*. એ પેલા ગોટાળા કરીને ઈમ્પ્રેશન પાડી હોય ને, એ તો ફટાકડો ફૂટે ને ત્યારે ખબર પડે કે આ તો જૂઠો નીકળ્યો.

એક વખત માણસ જૂઠું બોલે ને.. પેલી વાર્તા હતી ને, 'વાઘ આવ્યો રે વાઘ આવ્યો', તેમાં એક વખત તો દોડીને બધાં આવ્યા. એણે બીજી વખત બોલાવ્યું, બધાં આવ્યા. ત્રીજી વખત ખરેખર વાઘ આવ્યો હતો ને, તે વખતે કોઈ આવ્યું નહિ અને વાઘે પેલાને મારી નાખ્યો ! એટલે આવું જૂઠું બોલવાથી માણસનો વિશ્વાસ ખલાસ થઈ જાય. કોઈ દહાડો પછી આની ઉપર વિશ્વાસ ન કરે. ભૂલ-ચૂક હોય તો કહે ''મારી ભૂલ થઈ છે અને હું ખોટું નહિ બોલું.'' તો ધીમે-ધીમે એ માણસનો પ્રભાવ પડે અને જૂઠું બોલવાથી એનું વચનબળ બધું ખલાસ થતું જાય. એના શબ્દોની કિંમત ઝીરો થઈ જાય 'ઝીરો' *.. સમજાય છે ને ? એટલે નક્કી કરવાનું કે આ જૂઠું બોલવું એ ખોટું છે, આવું ક્યારેય ન બોલવું જોઈએ, બોલાઈ જાય તો એના પ્રતિક્રમણ કરવાના અને કોઈ વખત બને કે મમ્મી સાથે જૂઠું બોલાઈ ગયું ધીમેથી થોડીવાર પછી યાદ આવે તો કહેવાનું ''મારી ભૂલ થઇ છે, મમ્મી, હું જૂઠું બોલી હતી.'' એ નહિ વઢે અને વઢશે તો દેખ લેંગે, પણ આપણે જૂઠું બોલીને ગુના વહોરીશું એની કરતા વઢ ખાવાના ગુના ઓછા છે, વઢશે ને તો આપણો કચરો કપાઈ જશે કાયમ માટે. જૂઠું ન બોલાય.

હા, કોઈને નુકસાન થતું હોય તો જુદી વસ્તુ છે, પણ આપણા મોહ માટે, આપણા સ્વાર્થ માટે, આપણા લાભ માટે, આપણા ફાયદા માટે, ઈમ્પ્રેશન માટે, જૂઠું બોલાય નહીં આપણાથી.

# ૪ સ્ટેપ્સ
# કેવી રીતે ગોઠવવાના ?



1

**નિશ્ચય**

૧૦૦% દ્રઢ નિશ્ચય કરવો ''જૂઠું બોલવું એ ખોટું છે.''

2

**એનાલીસીસ**

જૂઠું શું કામ ન બોલવું જોઈએ અને જૂઠું બોલવાના શું પરિણામ આવશે ?

3

**પ્રતિક્રમણ**

જેટલી વાર જૂઠું બોલાય એટલી વાર પસ્તાવો લેવો ''હે દાદા ભગવાન, મારાથી જૂઠું બોલાઈ ગયું એ બદલ માફી માંગુ છું, મને ક્ષમા કરો અને ફરી ક્યારેય જૂઠું ના બોલાય એવી મને શક્તિ આપો.''

4

**ઉપરાણું ન લેવું**

જૂઠું બોલતા પકડાઈ જાવ તો ક્યારેય તેનું ઉપરાણું ન લેવું.

# પઝલ દ્વારા પ્રતિક્રમણ

તમે રૂમ નં.૧૪ માં છો અને તમારે રૂમ નં.૪ માંથી બહાર નીકળવાનું છે. રસ્તામાં આવતા બીજા બોક્સ, એ તમે જીવનમાં જેની-જેની સાથે જૂઠું બોલ્યા તે દર્શાવે છે. આપણે બધાંની માફી માંગતા જઈ આગળનો માર્ગ શોધવાનો છે. તમે મનમાં પ્રતિક્રમણ કરીને કે પ્રત્યક્ષ મળીને તેમની માફી માંગી શકો છો.

સુચનાઃ ભૂલતા નહીં, દરેક બોક્સમાંથી પસાર થવું જરૂરી છે. પણ એક વખત જે બોક્સમાંથી પસાર થઈ ગયા, ત્યાં તમારે ફરી જવાનું નથી. તમે આડા કે ઉભા ખસી શકો છો, ત્રાંસા નહિ.

| | | | |
|---|---|---|---|
| 1 **ભૂતકાળના લોકો** | 2 **ઓફિસના લોકો** | 3 **પડોશીઓ** | 4 **અન્ય** (Exit) |
| 5 **સંબંધીઓ** | 6 **ધાર્મિક ગુરુ** | 7 **ભાઈ-બહેન** | 8 **દુકાનદારો** |
| 9 **મિત્રો** | 10 **પિતરાઈ ભાઈ-બહેન** | 11 **પ્રોફેસર** | 12 **પપ્પા** |
| 13 **મમ્મી** | 14 **તમે** (Entry) | 15 **નોકરાણી** | 16 **દાદા દાદી** |

જવાબ પાના નં. ૨૪



**અનુજઃ** આ મેજિકલ માઈલસ્ટોન્સ તો ખરેખર સરસ ઉપાય છે. પણ રાતોરાત હું મારી ટેવ કેવી રીતે બદલી શકું ?

**રાજાઃ** બીજા રસ્તાથી તને ટેવ બદલવામાં મદદ મળશે, જેમાં તારી જૂઠું બોલવાની ટેવ બદલાઈ ન શકે તો પણ તેના પર તું કાબૂ જરૂર મેળવી શકીશ. એને 'લાઈ ડીટેક્ટર' એટલે કે નિયમથી અનીતિ કહે છે.

**અનુજઃ** 'નિયમથી અનીતિ' એટલે શું ?

**રાજાઃ** હું જૂઠું બોલું છું, એ ખરાબ છે એની મને ખબર છે, પણ હું એને રોકી શકતો નથી. તો નિયમથી અનીતિ એટલે કમ સે કમ હું નિયમથી જૂઠું બોલું. જેમ કે નક્કી કર્યું કે હું દિવસમાં ૨૫ વાર જ જૂઠું બોલીશ. પછી ૨૫ વાર જુઠું બોલાઈ ગયું હોય ને ૨૬મું બોલવાનો વારો આવે તો તારે નિયમ નહીં તોડવાનો. ધીમે-ધીમે ૨૫માંથી ૧૫ વાર, એમ કરતાં-કરતાં ઘટાડતા જવું. આમ કરવાથી તારી જૂઠું બોલવાની ટેવ ધીમે-ધીમે જતી રહેશે.




# Q&A

## બીજો રસ્તો લાઈ ડીટેક્ટર

**પ્રશ્નકર્તા:** દાદા રસ્તો બતાડે છે કે નિયમથી અનીતિ, તો નિયમથી જૂઠું બોલવું હોય તો કઈ રીતે કરી શકાય ? એના ફાયદા શું છે અને એની પાછળનું સાયન્સ શું છે ?

**આપ્તપુત્ર:** દાદા કહે છે, કળીયુગમાં અવળચંડુ મન છે, જેની ના પાડી હોય ને એ પહેલું કરે. એટલે જેમ કોઈને સિગરેટની લત હોય, તો કોઈને મોબાઈલ કે ગેમ્સનું હોય, તો કોઈને ઈન્ટરનેટ અને કોઈને મુવીઝની લત હોય. એવી જ રીતે કોઈને જૂઠું બોલવાની લત હોય. હવે, આપણે એને સમજાવીએ કે એનું જોખમ શું છે ? તો કાલથી તું બંધ કરી દે એમ નહિ બની શકે. સાયન્ટિફિકલી

વર્તન નહિ બદલાય પણ સમજણ ચેન્જ થઈ શકે ત્યાં. દિવસમાં તું ત્રણ ખોટું બોલ, બસ. પછી જે પણ હોય તારે ચોથા ટાઈમથી સાચું બોલી દેવાનું, હવે એ જયારે ચોથા ટાઈમથી સાચું બોલે ને પછી પાછું એને રિચેક કરે ને કે કેવું લાગ્યું, તો સાચું બોલવાના ફાયદા શું એ પણ સાથે-સાથે ધ્યાનમાં રહી જાય, સાચું બોલીએ તો લોકો વિશ્વાસ રાખે, તારી કેપેસિટી સમજીને તને કામ સોંપશે, તને માર્ગદર્શન આપશે. સાચું કહી દીધું તો ઉલટાનું તને મદદમાં કેટલા લોકો આવી ગયા. ખોટું ન બોલે તો દિલનો પડઘો પડે. કોન્ફિડન્સ વધે. લાંબે ગાળે એ વસ્તુ વધારે હેલ્પ કરશે.

ખોટું બોલ્યો તો એ ખોટાને છુપાવવા માટે કેટલા ખોટા બોલવા, એક પછી એક, એક પછી એક. ટેન્શન-સ્ટ્રેસ એ બધું જ વધે છે ખાલી, બહાર ટેમ્પરરી આપણું માન સચવાય એટલે ખોટું બોલીએ ત્યારે અંદરખાને તો સફોકેશન હોય છે.

**પ્રશ્નકર્તા :** એક વ્યક્તિ દિવસમાં ૫૦ વખત જૂઠું બોલે છે પછી એ નક્કી કરે છે કે હવે હું દિવસમાં ૨૫ વખત જ જૂઠું બોલીશ પણ કોઈક વખત એનાથી ૨૬મી વખતેય જૂઠું બોલાઈ ગયું તો શું થાય ?

**આપ્તપુત્ર :** ૨૫ વખત ભલે નક્કી કર્યું હોય પણ ૩૫ વાર સુધી બોલાઈ જાય, એટલે બે-ત્રણ મહીના સુધી આપણે કાયમી ૨૫ રાખવાનું તો ચોક્કસ ધીરે-ધીરે જાગૃતિમાં એ આવતું જાય, જ્યારે પોઝિટિવ થતું હોય તો એપ્રીશીએટ કરાય, જ્યારે સાચું બોલ્યો હોય ત્યારે સ્ટીક ટુ યોર પ્રોમિસ...બહુ સારી વસ્તુ છે.

નીરુમા પાસે આપણે કેટલું ખુલ્લું કહી શકતા હતા. એ ફ્રેન્ડ કે ગુરુ તરીકે કે જ્ઞાની તરીકે મને પછી આગળ શું આલોચના આપશે કે સેવામાં કે સત્સંગમાં મારા માટે શું અભિપ્રાય રાખશે, ઓપીનીયન્સ આપશે એવો ડર નહતો રહેતો. એમની પાસે ખુલીને વાત કરી શકાતી.



# યુથ એક્સપીરીયન્સ

જય સચ્ચિદાનંદ,

ગયા અઠવાડીએ મને જયારે નિયમથી જૂઠું બોલવાનું કહેવામાં આવ્યું, ત્યારે હું ખૂબ એક્સાઈટેડ હતો કારણ કે આવું પહેલા મેં ક્યારેય નહતું કર્યું. સાથે-સાથે મારે નેક્સ્ટ વીકમાં મારો જૂઠું બોલવાનો નંબર ઘટે, એ માટે પ્રયત્ન પણ કરવાનો હતો.

આપણે સહુ કોઈ ને કોઈ કારણોથી જૂઠું બોલતા હોઈએ છીએ. મને એમ હતું કે આ કામ મારા માટે સહેલું રહશે કારણ કે હું વારંવાર જૂઠું બોલતો નથી. પણ, જ્યારે મેં મારા આખા દિવસના કાર્યોની ઝીણવટથી નોંધ લીધી, તો મને સમજાયું કે બહુ ઓછી બાબતો એવી હતી જ્યાં મારે જૂઠું બોલવાની જરૂર હતી.

ઓન-લાઈન ક્લાસીસ દરમિયાન હું મારા ટીચર્સને ખોટું બોલ્યો કે મને નેટવર્કના પ્રોબ્લેમ હતા, પણ ખરેખર હું મારા મિત્રો સાથે ચેટીંગ કરવામાં કે ગેમ્સ રમવામાં બીઝી હતો.

જયારે હું ફોન પર હોઉં અને એ વખતે જ મારી મમ્મી રૂમમાં આવી જાય, ત્યારે હું તરત જ ચોપડી લઇ ભણવાની એક્ટિંગ ચાલુ કરી દઉં.

મને બહુ ઝડપથી સમજાઈ ગયું કે આમાંના મોટા ભાગના જૂઠ નકામા અને ટાળી શકાય તેવા હતા. મેં નોટ કર્યું કે હું એટલી સરળતાથી અને ચીવટથી જૂઠું બોલી શકતો હતો, કે લોકો એને સાચું જ માની લે.

આ બધું મને રીયલાઈઝ થયા પછી, 'કોઈની સાથે ક્યારેય જૂઠું ન બોલવું' એવું મેં નક્કી કર્યું. જયારે હું જૂઠું બોલું, ત્યારે હું શક્તિ માંગતો, ''હે દાદા ભગવાન ! મને જૂઠું ન બોલાય એવી શક્તિ આપો.'' અને જૂઠું બોલવા બદલના હું પ્રતિક્રમણ પણ કરતો. મેં નિશ્ચય કર્યો કે હું દિવસમાં ફક્ત ૧૦ વાર જ જૂઠું બોલીશ. જે દિવસે મારાથી ૧૦ ને બદલે ૧૨ વાર જૂઠું બોલાઈ જાય તો તેના બીજે દિવસે હું ફક્ત ૮ વાર જ જૂઠું બોલવાની છૂટ લેતો. આ રીતે હું બેલેન્સ કરી લેતો. આમ, ધીરે-ધીરે નાની-નાની બાબતોમાં મારું જૂઠું બોલવાનું ઘટતું ગયું.

ફક્ત એક વીક માટે પોતાની જાતને જોવાથી જો મારામાં આટલો ફરક આવી ગયો તો વિચારો આને આપણે આખી લાઈફ ફોલો કરીએ તો એનું કેવું જોરદાર પરિણામ આવે !

સાચું બોલવાથી હું ખુબ હળવાશ અને પોઝિટિવિટી અનુભવવા લાગ્યો. હું સહુ મિત્રોને વિનંતી કરીશ કે આની શક્તિને અન્ડર-એસ્ટીમેટ ન કરતા, આને ચોક્કસ પ્રેક્ટીસમાં મુકજો અને પછી જુઓ કેવો ફરક પડે છે !

- મોનીલ કરણીયા (૧૬ વર્ષ)



**અનુજઃ** આ*હા* ! આ બહુ ઈન્ટરેસ્ટીન્ગ છે ! હવે હું પણ દિવસમાં ૧૦ વાર જ જૂઠું બોલીશ અને મોનીલની જેમ બેલેન્સ કરીશ. પણ હું મારા પ્રોગ્રેસને ટ્રેક કેવી રીતે કરીશ ?



**રાજાઃ** લાઈ ડીટેક્ટર તને મદદ કરશે.

**અનુજઃ** લાઈ ડીટેક્ટર ???

**રાજા :** એના માટે તારે તારી જાત સાથે પ્રમાણિક રહેવું પડશે. જે-જે દિવસે તું તારો ગોલ એચીવ કરે, તે દિવસે તારે પોતાને એક હસતું સ્માઈલી આપવાનું. પણ ગોલ અચીવ ન થાય તે દિવસે પોતાને દુઃખી સ્માઈલી આપવાનું ભૂલતો નહિ.

ચાલો મિત્રો, નીચે આપેલા કેલેન્ડરની મદદથી આપણે અનુજ સાથે આપણા પણ જૂઠને ટ્રેક કરીએ.

## FEBRUARY 2021

| Sunday | Monday | Tuesday | Wednesday | Thursday | Friday | Saturday |
|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 |  5 | 6 |
| 7 |  8 | 9 |  10 | 11 | 12 | 13 |
| 14 | 15 | 16 | 17 | 18 |  19 | 20 |
| 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 |
| 28 | | | | | | |



**અનુજ:** પણ મને ડર છે કે જો હું સાચું બોલીશ તો લોકો મને જજ કરશે કે પછી મારી ભૂલની મને સજા આપશે.

**રાજા:** અરે દીકરા ! આ દુનિયા જૂઠાણાંની ચાદર નીચે ઢંકાયેલી છે, જ્યાં માત્ર ગણ્યા-ગાંઠ્યા લોકો જ આપણને પરિણામો શું આવશે, એ વિચાર્યા વગર અને પરિણામોનો ડર રાખ્યા વગર સાચું બોલવાની પ્રેરણા આપે છે. ચાલ, આપણે ઇતિહાસના એક પાનામાં ચક્કર મારીને એક બહાદુર માણસને મળીએ જે તને એમના જેવા બનવાની પ્રેરણા અને સત્ય બોલવાની હિંમત આપશે, જે આપણો ત્રીજો રસ્તો છે.

# મહાન પુરુષોની ઝાંખીઓ



## ત્રીજો રસ્તો

## સત્ય બોલવાની હિંમત કરો !

- ગોપાલ કૃષ્ણ ગોખલે

એક વખત કોલ્હાપુર ગામમાં ગોપાલ નામનો બાળક 'રાજારામ હાઈસ્કૂલ'માં ભણતો હતો. હંમેશના જેવો એક સામાન્ય દિવસ હતો અને ગણિતના શિક્ષક ગણિત ભણાવી રહ્યા હતા. એમણે એક અઘરો દાખલો બોર્ડ પર લખ્યો. બધાં વિદ્યાર્થીઓ આ દાખલાનો જવાબ શોધવાનો પ્રયત્ન કરી રહ્યાં હતા પણ કોઈને આવડ્યું નહિ. શિક્ષક દાખલો શીખવાડવા જતાં હતા ત્યાં જ બેલ વાગ્યો એટલે એમણે કહ્યું ''વિદ્યાર્થીઓ, આ દાખલો ઘરેથી ગણીને લાવજો. હું આવતી કાલે એ જોઈશ.''

બીજા દિવસે શિક્ષકે કહ્યું ''મને આશા છે કે બધાં દાખલો ગણીને લાવ્યા હશે'' અને એક પછી એક બધાની નોટ તપાસી. ઘણાં છોકરાઓએ દાખલો કર્યો જ ન હતો અને જેમણે કર્યો હતો, તે સાચો ન હતો. પણ શિક્ષકે ગોપાલની નોટ જોઈ અને બોલી ઉઠ્યા ''આ જુઓ, ગોપાલના દાખલાનો જવાબ સાચો છે''. શિક્ષક ગોપાલ પર બહુ ખુશ થયા અને જેમ-જેમ શિક્ષક પ્રશંસા કરતા ગયા, તેમ-તેમ ગોપાલનો ખેદ વધતો ગયો અને આખરે એ માથું નીચું કરી રડવા લાગ્યો.

શિક્ષકે લાગણીવશ થઈ પૂછ્યું ''શું થયું ગોપાલ, કાંઈ તકલીફ છે ?''

''સર, હું આ વખાણનો હકદાર નથી'', ગોપાલે કહ્યું.

''કેમ ?'' શિક્ષકે નવાઈ પામતાં પૂછ્યું.

''સર, હું માફી માંગું છું કે આ દાખલો મેં મારી જાતે નથી ગણ્યો. મારા એક મિત્રની મદદથી મેં આ દાખલો ગણ્યો હતો અને એટલે જે કાર્ય મેં કર્યું નથી, એના વખાણને હું લાયક નથી. આ બધી પ્રશંસા સાંભળીને હું બહુ દુઃખી છું.'' આંખો લૂછતાં-લૂછતાં ગોપાલે ભૂલની કબૂલાત કરી. ગોપાલના સત્ય સભર શબ્દો શિક્ષકના હૃદયને સ્પર્શી ગયા.

''હં... ગોપાલ, તું ખરેખર એક ઈમાનદાર અને સત્યપ્રિય બાળક છે અને એક દિવસ તું આ દેશનું ગૌરવ વધારનાર બનીશ'' શિક્ષકે ગોપાલને પ્રોત્સાહન આપતા કહ્યું.

ગોપાલના શિક્ષકે જે ભવિષ્ય ભાખ્યું હતું, તે ખરેખર સાચું પડ્યું કારણ કે આ વાર્તાનો બાળક બીજું કોઈ નહીં પરંતુ ગોપાલ કૃષ્ણ ગોખલે છે ! તેઓ સન ૧૮૬૬ના મે મહિનાની નવમી તારીખે જન્મ્યા હતા અને ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના સભ્ય અને પ્રખ્યાત વ્યક્તિ બન્યા. તેઓ મહાત્મા ગાંધીજીના રાજકારણીય માર્ગદર્શક પણ હતા. એમણે ભારતની વૈવિધતાને સાચવી રાખવા અને આઝાદી અપાવવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો હતો.

આમ, ગોપાલ કૃષ્ણ ગોખલે આપણને શીખવાડે છે કે 'ભવિષ્યમાં કંઈક ખરાબ થઇ જશે' એવા ભયથી આજે જૂઠું ન બોલવું જોઈએ અને તેઓ આપણને સત્ય બોલવાની હિંમત કરવાની પ્રેરણા આપે છે.



**રાજાઃ** તો અનુજ, તારો શું નિર્ણય છે ? તારી પરિસ્થિતિમાંથી નીકળવા માટે તું ક્યો રસ્તો પસંદ કરીશ ?

ત્યાં જ અનુજની ઊંઘ ઉડી જાય છે. એ આનંદનગરીમાં નહીં પણ એના ઘરના બેડરૂમમાં છે અને એના મોઢા પર શાંતિની ઝલક દેખાય છે.

અનુજે તો એનો રસ્તો પસંદ કરી લીધો છે... તમે કર્યો ?









# #કવિતા

એક જૂઠ બોલ્યું જો, સો જૂઠ લાવે તાણી;
દુ:ખી થયા, તકલીફ વધારી, શું કરી કમાણી ?

કદાચ કોઈને ખબર ન પડે, કરડતું જે અંદર છે;
નીકળી જવું જલ્દી, કુટેવ ઘણો ઊંડો સમંદર છે !

એકાદ ભૂલ થઈ પહેલા પછી આદત પડી ગઈ;
લીધું ઉપરાણું, જૂઠને જીંદગી લાંબી મળી ગઈ !

જૂઠ બોલવા પાછળ જુઓ શું કારણ, શું ડર છે ?
જૂઠની શાબાશી કરતાં, સત્યની સજા બહેતર છે.

કરીએ દિલથી પ્રતિક્રમણ, થયેલા દોષોનો ક્ષય હો !
હવે આ દોષ ફરી નહીં થાય, એવો દ્રઢ નિશ્ચય હો.

યાદ રાખવું એટલું, મહાવીરનું એક મહાવ્રત સત્ય છે;
જેને સત્યનો ભાવ રહે છે ચોખ્ખો, એ પણ ધન્ય છે.


દાદાના યુવાનો દ્વારા

વર્ષ: ૮, અંક : ૧૦
સળંગ અંક : ૯૪
ફેબ્રુઆરી ૨૦૨૧

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month

# FREE DOWNLOAD

Akram Youth in Hindi, English, Gujarati.




**akramyouth.org**

**પઝલ જવાબ :** ૧૪ - ૧૩ - ૧૨ - ૧૧ - ૧૦ - ૧૫ - ૧૬ - ૯ - ૮ - ૭ - ૬ - ૫ - ૧ - ૨ - ૩ - ૪ (exit)

**Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org**
**Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.**
**Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.**